1. ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ કઈ જગ્યાએ સમારંભ યોજીને તારક મહેતાને મરણોપરાંત વર્ષ ૨૦૧૭નો રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક પારિતોષિક એનાયત કરવામાં આવ્યો છે? – **અમદાવાદમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે**
2. ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ અમદાવાદમાં(AMA) ખાતે તારક મહેતાનો મરણોપરાંત એનાયત થયેલો વર્ષ ૨૦૧૭નો રમણભાઈ નીલકંઠ પારિતોષીક શ્રી તારક મહેતા તરફથી કોણે સ્વીકાર્યો હતો? – **તેમની પુત્રી ઈશાની શાહે**
3. નરેન્દ્રભાઈ મોદીની સરકાર સામે વિપક્ષ કોંગ્રેસે કરેલા આક્ષેપોની તપાસ માટે વર્ષ ૨૦૧૧માં કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી? – **જસ્ટિસ એમ.બી.શાહ**
4. જસ્ટિસ એમ.બી.શાહ પંચે તેમનો રિપોર્ટ ગુજરાત સરકારને ક્યારે સુપરત કર્યો હતો? – **વર્ષ ૨૦૧૩માં**
5. ભારત સરકાર દ્વારા આઈ.ટી રિટર્ન ભરવા માટે અગાઉના સાત પાનાના ફોર્મની જગ્યાએ નવા જારી કરવામાં આવેલ 1 પાનાના ફોર્મને શું નામ આપવામાં આવ્યું છે? – **સહજ અથવા (ITR1)**
6. ઈન્કમટેક્સ રિટર્ન ભરવા માટે ૧ પાનાના સહજ અથવા તો ITR1 ફોર્મ ઓનલાઈન ભરવાનો પ્રારંભ ક્યારથી થયો છે? – **૧ એપ્રિલ,૨૦૧૭**
7. પગાર, મકાન ભાડુ કે વ્યાજમાંથી મહત્તમ કેટલી આવક મેળવનાર વ્યક્તિ સહજ અથવા તો ITR1 ભરી શકશે? – **રૂ. ૫૦ લાખ સુધી**
8. ઈન્કમટેક્સ રિટર્ન ભરવા માટે  કઈ કઈ વિગતો અનિવાર્ય છે?
   **- પાન નંબર**
   **- આધાર નંબર**
   **- નોટબંધી પછી રૂ. બે લાખથી વધુ રકમ બેંકમાં જમા કરાવી હોય તો તેની વિગત**
9. કેંદ્ર સરકારના જુદા–જુદા વિભાગોની સોફ્ટવેર સંબંધી અને હેકિંગની સમસ્યાઓના ઉકેલ માટે કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માર્ચ–એપ્રિલ ૨૦૧૭માં શેનું આયોજન કરવામાં આવ્યું હતું? – **સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન**
10. ૧ એપ્રિલ ૨૦૧૭ના રોજ ગુજરાતમાં સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનું આયોજન કઈ જગ્યાએ થયું હતું? – **અમદાવાદમાંગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે**
11. ૧ એપ્રિલ,૨૦૧૭ના રોજ ગુજરાતમાં અમદાવાદ ખાતે યોજાયેલા સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનું ઉદ્ઘાટન કોના હસ્તે થયું હતું? – **શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે**
12. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં યુવાનોને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કોણે કર્યું હતું? – **નરેન્દ્રભાઈ મોદી**
13. EDનું પુરું નામ – **એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ**
14. 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'ને બીજા કયા નામે ઓળખાય છે? – ડિરોક્ટરેટક જનરલ ઑફ ઈકોનોમિક એન્ફોર્સમેન્ટ
15. 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ' (ED) ભારત સરકારનાં નાણાં મંત્રાલય અંતર્ગતના કયા વિભાગની એક વિશેષ નાણાકીય તપાસ એજન્સી છે? – **મહેસુલ વિભાગ**
16. EDનું વડુ મથક ક્યાં આવેલું છે? – **નવી દિલ્હી ખાતે**
17. FEMA અને PMLA એક્ટના અમલનું કાર્ય કઈ તપાસ એજન્સી દ્વારા કરવામાં આવે છે? – **ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)**

Anamika Academy

18. EDનું મુખ્ય કાર્ય કયા બે એક્ટનો અમલ કરવાનું છે? – **FEMA અને PMLA**
19. FEMA નું પુરું નામ જણાવો – **ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એક્ટ (૧૯૯૯)**
20. PMLAનું પુરું નામ જણાવો – **પ્રિવેન્શન ઑફ મનિલોન્ડરીંગ એક્ટ (૨૦૦૨)**
21. 'એંફોર્સમેન્ટ યુનિટ'ના રૂપમાં EDની સ્થાપના ક્યારે થઈ હતી? – **૧ મે ૧૯૫૬**
22. 'એંફોર્સમેન્ટ યુનિટ'નું નામ બદલીને 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ' ક્યારે કરવામાં આવ્યું છે? – **૧૯૫૭**
23. ૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એશિયા અથવા તો ભારતની સૌથી લાંબી કઈ સુરંગનું લોકાર્પણ કર્યું હતું? – **ચેનાની– નાસરી સુરંગ**
24. ૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતની સૌથી લાંબી ચેનાની–નાસરી સુરંગનું લોકાર્પણ ક્યાંથી કર્યું હતું? – **જમ્મુ–કાશ્મીરના ઉધમપુર જિલ્લાના ચેનાની ખાતેથી**
25. 'ટ્રાન્સવર્સ વેન્ટિલેશન સિસ્ટમ' વાળી ભારતની પ્રથમ ટનલનું નામ શું છે? – **ચેનાની–નાસરી સુરંગ**
26. એશિયાની અથવા તો ભારતની સૌથી મોટી ચેનાની–નાસરી સુરંગના સંદર્ભમાં અગત્યની માહિતી.
    **– તેની લંબાઈ ૯.૨ કિ.મી છે.**
    **– તે નેશનલ હાઈવે નંબર૪૪ પર આવેલી છે.**
    **– તે જમ્મુ–કાશ્મીરના ઉધમપુર અને રામબન જિલ્લાને જોડે છે.**
    **– રૂ. ૩૭૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ સુરંગથી દરરોજ રૂ. ૨૭ લાખના ઈંધણની બચત થશે.**
    **– તેનાથી ચેનાની અને નાસરી વચ્ચેનું અંતર ૩૦ કિ.મી ઓછું થશે.**
    **– આ ટનલ દરેક ઋતુમાં જમ્મુ–કાશ્મીરને જોડેલા રાખશે તથા તેનાથી જમ્મુ–શ્રીનગર વચ્ચેના પ્રવાસમાં ૨ કલાકનો ઘટાડો થશે.**
27. ઈન્ડિયા ઓપન – ૨૦૧૭ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા ખેલાડીનું નામ શું છે? – **પી.વી સિંધુ**
28. પી.વી.સિંધૂએ કોને હરાવીને ઈન્ડિયા ઓપર – ૨૦૧૭ ટુર્નામેન્ટ જીતી લીધી છે? – **સ્પેનની કેરોલિના મારિનને**
29. ઈન્ડિયા ઓપર – ૨૦૧૭ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન ક્યાં થયું હતું? – **નવી દિલ્હીના સિરી ફોર્ટ ઈન્ડોર કોમ્પલેક્ષ ખાતે**
30. માર્ચ–એપ્રિલ ૨૦૧૭ દરમિયાન કઈ હાઈકોર્ટની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવાઈ હતી? **– અલ્હાબાદ હાઈકોર્ટ**
31. કઈ હાઈકોર્ટની ૧૫૦મી વર્ષગાંઠના સમાપન સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અલાલતમાં કેસોની તારીખ SMSથી આપવાનું સૂચન કર્યુ છે? – **અલ્હાબાદ હાઈકોર્ટ**
32. ૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ રશિયાના કયા શહેરમાં મેટ્રો સ્ટેશને થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ૧૧ લોકોનાં મોત થયા હતા? – **સેંટ પિટર્સબર્ગ**
33. ૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ GSRTC ની કઈ મોબાઈલ એપ લોન્ચ કરી હતી? – **GSRTC Official App**
34. GSRTC Official App ના સદર્ભમાં અગત્યની જાણકારી
    **– તેનાથી STની કરંટ ટિકીટ બુક કરાવી શકાશે**
    **– તેનાથી STની એડવાન્સ ટિકીટ બુક કરાવી શકાશે.**

Anamika Academy

**– તેનાથી બસનું લોકેશન ટ્રેક કરી શકાશે.**

35. GSRTC નું પુરું નામ શું છે? – **ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન**
36. ૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્યના કયા પોલીસ વડા DGPએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યુ હતું? – **પી.વી.પાંડેય**
37. પ્રોફેશનલ રેસલિંગના કયા પ્રસિદ્ધ ખેલાડીએ એપ્રિલ ૨૦૧૭માં નિવૃતિની જાહેરાત કરી છે? – અંડરટેકર
38. અંડરટેકરનું મૂળ નામ શું છે? – **માર્ક વિલયમ કેલવે**
39. 6 થી 12 એપ્રિલ ૨૦૧૭ દરમિયાન કયા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકારની જન્મ શતાબ્દી વર્ષ નિમિતે સાત દિવસના 'ગઝલ સપ્તાહ' નું આયોજન કરવામાં આવ્યું છે? – **મરીઝ**
40. ગુજરાતના ગાલીબ તરીકે પ્રસિદ્ધ મરીઝના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ૬ થી ૧૨ એપ્રિલ ૨૦૧૭ દરમિયાન સાત દિવસના 'ગઝલ સપ્તાહ'નું આયોજન કયાં કરવામાં આવ્યું છે? – **અમદાવાદના ટાઉનહોલ ખાતે**
41. માયામી ઓપન–૨૦૧૭માં મેન્સ સિંગલ્સ વિજેતા ખેલાડીનું નામ શું છે? – **રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)**
42. માયામી ઓપન–૨૦૧૭માં વિમેન્સ સિંગલસ વિજેતા ખેલાડીનું નામ શું છે? – **જોહાના કોન્ટા(બ્રિટન)**
43. માયામી ઓપન–૨૦૧૭માં વિમેન્સ ડબલ્સ સ્પર્ધાની ફાઈનલ મેચમાં ભારતની સાનિયા મિર્ઝા અને ચેક રિપબ્લિકની બારબોરા સ્ટ્રાઈકોવાની જોડીનો કોના સામે પરાજય થયો હતો? – **ગ્રેબિએલા ડાબરોવસ્કી અને જૂ ચિકાનન**
44. દારૂ પીને વાહન ચલાવવાને કારણે થતા રોડ અકસ્માત અટકાવવા માટે સુપ્રિમ કોર્ટે હાઈવેથી કેટલા વિસ્તારમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે? – **૫૦૦ મીટર**
45. સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર હાઈવે આસપાસ વીસ હજારથી વધુ વસતી ધરાવતા વિસ્તારમાં હાઈવેથી કેટલા વિસ્તારમાં દારૂનું વેચાણ નહી કરી શકાય? – **૨૨૦ મીટર**
46. સુપ્રિમ કોર્ટે હાઈવેથી ૫૦૦ મીટરના વિસ્તારમાં મૂકેલો દારૂના વેચાણ પરનો પ્રતિબંધ ક્યારથી અમલમાં આવ્યો છે? – **૧ એપ્રિલ ૨૦૧૭**
47. ભારતીય ક્લાસિકલ (શાસ્ત્રીય) સંગીતના પ્રસિધ્ધ કલાકાર શ્રીમતી કિશોરી અમોનકરના સંદર્ભમાં કેટલીક અગત્યની માહિતી

    **–૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ મુંબઈ ખાતે તેમનું નિધન થયું હતું**

    **–જયપુર અતરૌલી ઘરાનાના શ્રીમતી અમોનકરનો જન્મ મુંબઈ ખાતે થયો હતો**

    **– તેમને ૧૯૮૭માં પદ્મભૂષણ અને ૨૦૦૨માં પદ્મ વિભૂષણ એવોર્ડ એનાયત થયો હતો**
48. ૫ એપ્રિલ ૨૦૧૭ના રોજ ગુજરાતના નવા પોલીસ વડા તરીકેનો ચાર્જ કોને સોંપવામાં આવ્યો હતો ? - **શ્રીમતી ગીથા જોહરી**
49. શ્રીમતી ગીથા જોહરીના સંદર્ભમાં અગત્યની જાણકારી.

    **– તેઓ ગુજરાતના પ્રથમ મહિલા આઈપીએસ તથા પ્રથમ ડીજીપી છે.**

    **– તેઓ ૧૯૮૨ની બેચના આઈપીએસ ઓફિસર છે.**

    **–તેઓ ગુજરાતના ૩૫મા પોલીસ વડા બન્યા છે.**
50. ઉત્તરપ્રદેશના સરકારે કેટલા રૂપિયા સુધીની ખેડુતોની લોન માફ કરી છે? – **એક લાખ રૂપિયા**
51. ઉત્તરપ્રદેશના સરકારે કરેલી ખેડુતોની લોન માફીના સંદર્ભમાં અગત્યની જાણકારી.

    **– ઉત્તરપ્રદેશના સરકારે ખેડુતોની ફક્ત પાક લોન જ માફ કરી છે**

Anamika Academy

**– લોન પર અપાયેલી આ રાહત ફક્ત વર્ષ ૨૦૧૬–૧૭ની લોન માટે જ છે.**

**– ઉત્તરપ્રદેશના સરકારે ઉત્તરપ્રદેશના ૨.૧૫ કરોડ નાના અને સીમાંત ખેડુતોની રૂ. એક લાખ સુધીની લોન માફ કરી છે.**

52. ઉત્તરપ્રદેશના સરકારે ખેડુતોની કુલ કેટલા કરોડ રૂપિયાની લોન માફ કરી છે? – **૩૬,૩૫૯ રૂપિયા**
53. કેન્દ્ર સરકારના નિયમ અનુસાર કોઈ પણ રાજ્ય પોતાના જીડીપીના કેટલા ટકાથી વધુ દેવા માફીનો નિર્ણય ન લઈ શકે? – **૩ ટકાથી વધુ**
54. ઉત્તરપ્રદેશના સરકારે ખેડુતોની લોનમાફીની વ્યવસ્થા કયા બોન્ડ મારફતે કરી છે? – **કિસાન રાહત બોન્ડ**
55. પ્રતિષ્ઠિત મેગેઝિન વિઝડન દ્વારા વર્ષ ૨૦૧૬ના 'ક્રિકેટર ઑફ ધ યર' તરિકે કોને સન્માનિત કરાયા છે? – **વિરાટ કોહલી**
56. વિરાટ કોહલીને પ્રતિષ્ઠિત મેગેઝિન વિઝડન દ્વારા વર્ષ૨૦૧૬ના ક્રીકેટર ઑફ ધ યર તરિકે સન્માનિત કરાયા છે... આ માટે તેમને વિઝડનના કયા અંકના કવર પેઝ પર સ્થાન આપવામાં આવ્યું છે? – **એપ્રિલ ૨૦૧૭**
57. પ્રતિષ્ઠિત વિઝડન મેગેઝિન દ્વારા વર્ષ ૨૦૧૬નું વિમેન્સ પ્લેયર ઑફ ધ યરનું સન્માન કોને આપવામાં આવ્યું છે? – **એલિસ પેરી(ઑસ્ટ્રેલિયા)**
58. કયા દિવસને 'વિશ્વઆરોગ્ય દિન' તરિકે ઉજવવામાં આવે છે? – **૭ એપ્રિલ**
59. દર વર્ષે ૭ એપ્રિલના રોજ કઈ સંસ્થા દ્વારા 'વિશ્વ આરોગ્ય દિન'ની ઉજવણી કરવામાં આવે છે? – **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)**
60. 'વિશ્વ આરોગ્ય દિન' ના સંદર્ભમાં અગત્યની જાણકારી.

    **– ૭ એપ્રિલ ૧૯૪૮ના રોજ WHO ની સ્થાપના થઈ હતી. આથી દર વર્ષે ૭ એપ્રિલના રોજ 'વર્લ્ડ હેલ્થ ડે' ઉજવવામાં આવે છે.**

    **– દર વર્ષે ૭ એપ્રિલના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ' ઉજવવાની શરુઆત ૧૯૫૦થી થઈ હતી.**

    **– વર્ષ ૨૦૧૭ના વર્લ્ડ હેલ્થ ડે'ની થીમ "ડિપ્રેશન : લેટ્સ ટોક" હતી.**
61. WHO ના સંદર્ભમાં અગત્યની જાણકારી.

    **– WHO નું પુરું નામ 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' છે**

    **– WHO એ સંયુક્ત રાષ્ટ્રસંઘની જાહેર સ્વાસ્થ્ય અંગેની એક ખાસ એજન્સી છે અને તેનું વડુમથક સ્વિત્ઝર્લેન્ડના જીનિવા ખાતે આવેલું છે.**

    **– WHO ના વર્તમાન (૭ એપ્રિલ,૨૦૧૭ની સ્થિતિએ) અધ્યક્ષ ડૉ. માર્ગરેટ ચાન (હોંગકોંગ) છે.**
62. ગુજરાત રાજ્યના ઉર્જા નિગમ દ્વારા ગુજરાતમાં જ્યાં વીજળીકરણ થયું નથી તેવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં વીજળી પૂરી પાડવા માટે ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ કઈ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે? – **સોલર હોમ લાઈટ સિસ્ટમ**
63. ગુજરાતના દુર્ગમઅને અંતરિયાળ વિસ્તારોમાં વીજળી પૂરી પાડવા માટે ગુજરાત રાજ્ય ઉર્જા નિગમ દ્વારા કેટલા રૂપિયામાં સૌર ઉર્જા સંચાલિત હોમ લાઈટ સેટ આપવામાં આવશે? – **૪૦ રૂપિયામાં**
64. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કારોની એક નવી શ્રેણીની જાહેરાતકરવામાં આવી છે... આ અંતર્ગત દર વર્ષે કયા સાહિત્યકારની યાદમાં નવલકથા, કાવ્ય અને નાટકમાં કયો પુરસ્કાર એનાયત થશે.

    **– નવલકથા – શ્રી ગોવર્ધનરામ નવલકથા પારિતોષિક**

Anamika Academy

**– કાવ્ય – 'સુંદરમ્' કાવ્ય પારિતોષિક**

**– નાટક – શ્રી અસાઈત ઠાકર નાટ્ય પારિતોષિક**

65. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કારોની એક નવી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે… આ અંતર્ગત દર વર્ષે કયા સાહિત્યકારની યાદમાં વાર્તા, નિબંધ, બાળસાહિત્યના ક્ષેત્રમાં કયો પુરસ્કાર એનાયત થશે.

**– વાર્તા – મલયાનિલ વાર્તા પારિતોષિક**

**– નિબંધ – સુરેશ જોષી નિબંધ પારિતોષિક**

**– બાળ સાહિત્ય – ગિજુભાઈ બાળસાહિત્ય પારિતોષિક**

66. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કારોની એક નવી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે… આ અંતર્ગત કયા પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યા છે.

**– શ્રી ગોવર્ધનરામ નવલકથા પુરસ્કાર – ધીરેન્દ્ર મહેતા**

**– મલયાનીલ વાર્તા પારિતોષિક – મોહન પરમાર**

**– 'સુંદરમ્' કાવ્ય પારિતોષિક – રાજેન્દ્ર શુક્લ**

67. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કારોની એક નવી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે… આ અંતર્ગત પુરસ્કાર અને પુરસ્કાર વિજેતા સાહિત્યકારની વિશેની જાણકારી.

**– સુરેશ જોષી નિબંધ પારિતોષિક – મણિલાલ હ. પટેલ**

**– ગિજુભાઈ બાળસાહિત્ય પારિતોષિક – યશવંત મહેતા**

**– વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સમીક્ષા પારિતોષિક – સુમન શાહ**

68. ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વર્ષ ૨૦૧૬માં પ્રદર્શિત થયેલી ફિલ્મો માટે કેટલામાં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે? – **૬૪મા**

69. ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં બેસ્ટ હિન્દી ફિલ્મનો એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે? – **નિરજા**

70. ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં બેસ્ટ એક્ટ્રસનો એવોર્ડ કોને મળ્યો છે? – **સુરભી લક્ષ્મી (ચિન્નામિનુનગુ)**

71. ૬૪મા નેશનલ ફિલ્મ એવોર્ડના સંદર્ભમાં અગત્યની જાણકારી.

**– બેસ્ટ એક્ટર – અક્ષયકુમાર (રૂસ્તમ)**

**– બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ – ઝાયરા વસીમ (દંગલ)**

**– બેસ્ટ ચિલ્ડ્રન્સ ફિલ્મ – ધનક**

72. ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ કઈ જગ્યાએ ભારતીય દૂતાવાસથી લગભગ ૧૦૦ થી ૨૦૦ મીટરને અંતરે થયેલા ટ્રક એટેકમાં આશરે ૫ લોકોના મોત થયા હતા? – **સ્વીડનની રાજધાની સ્ટોકહોમ ખાતે**

73. ૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ સિરિયાના કયા પ્રાંતના કયા શહેરમાં થયેલા રાસાયણીક હુમલામાં આશરે ૧૦૦થી વધુ લોકોનાં મોત થયા હતા ? – **ઈદલિબ પ્રાંતના ખાન શેખૂન નામના શહેર પર**

74. ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમેરિકાએ સીરિયાના શાયરાત એરબેઝ પર ૫૦ થી ૬૦ મિસાઈલો વડે હુમલો કર્યો હતો?
**– શાયરાત(શેરાત) એરબેઝ**

75. ૭ એપ્રિલ ૨૦૧૭ ના રોજ અમેરિકાએ સીરિયાના શાયરાત એરબેઝ પર મિસાઈલ વડે હુમલો કર્યો હતો… આ એરબેઝ સીરિયાના કયા શહેર પાસે આવેલું છે? – **હોમ્સ**

76. ૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમેરિકાએ સીરિયાના શાયરાત એરબેઝ પર કઈ મિસાઈલ વડે હુમલો કર્યો હતો? –
**ટોમહોકમિસાઈલ**

Anamika Academy

77. સીરિયાના વર્તમાન પ્રમુખનું નામ શું છે? – **બસર–અલ–અસાદ(૮ એપ્રિલ ૨૦૧૭ની સ્થિતિએ)**
78. ૭ થી ૯ એપ્રિલ ૨૦૧૭ દરમિયાન ગુજરાત પોલો કપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું? – **ભાવનગરના જવાહર મેદાન ખાતે**
79. ૮ એપ્રિલ ૨૦૧૭ના રોજ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કુલ કેટલા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા? – **૨૨ કરાર**
80. ભારતમાં 'મિસાઈલ વુમન' અથવા 'અગ્નિપુત્રી' તરિકે પ્રસિધ્ધ મહિલાનું નામ શું છે? – **શ્રીમતી ટેસ્સી થોમસ**
81. DRDO ના અગ્નિ–૪ ના પ્રોજેક્ટ ડાયરેક્ટરનું નામ શું છે? – **શ્રીમતી ટેસ્સી થોમસ**
82. ૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ ભારતના વીર શહિદોના પરિવારજનોની આર્થિક મદદ માટે કયું વેબ પોર્ટલ તથા મોબાઈલએપ લોન્ચ કરવામાં આવી છે? – **ભારત કે વીર (India's bravehearts)**
83. ૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ શહિદોના પરિવારજનોની આર્થિક મદદ માટે લોન્ચ કરવામાં આવેલ "ભારત કે વીર" વેબ પોર્ટલ તથા મોબાઈલ એપના સંદર્ભમાં અગત્યની જાણકારી.
   – **તેનું ઉદઘાટન રાજનાથસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું**
   – **આ વેબ પોર્ટલ તથા મોબાઈલ એપ બનાવવાની પ્રેરણા અભિનેતા અક્ષયકુમારે આપી હતી.**
   – **આ વેબ પોર્ટલ તથા મોબાઈલ એપના માધ્યમથી મહત્તમ રૂ.૧૫ લાખ સુધીની મદદ કરી શકાશે.**
84. ૯ એપ્રિલ ૨૦૧૭ના રોજ કયા દેશના ક્યા શહેરના ચર્ચમાં થયેલા ISIS પ્રેરિત વિસ્ફોટમાં આશેરે ૪૫ લોકોના મોત થયા હતા? – **ઈજીપ્તના ટાન્ટા અને એલેકઝાન્ડ્રિયા શહેરોમાં**
85. કેન્દ્રીય અર્બન મંત્રી વૈંકૈયા નાયડુને કેન્દ્ર સરકારની 'હાઉસિંગ ફોર ઓલ' (સૌને માટે ઘર) યોજના હેઠળ અફોર્ડેબલ હાઉસ પ્રોજેક્ટનો શુભારંભ ક્યાંથી કરાવ્યો હતો? – **મહાત્મા મંદિર (ગાંધીનગર)**
86. કેન્દ્ર સરકાર દ્વારા ૨.૩૭ લાખ એફોર્ડેબલ મકાનોના નિર્માણ માટે આશરે ૩૭૫ અફોર્ડેબલ પ્રોજેક્ટસ માટે કઈ સંસ્થા સાથે MOU કરવામાં આવ્યા છે? – **ક્રેડાઈ**
87. ભારતની રિયલ એસ્ટેટ ઉદ્યોગની સર્વોચ્ચ સંસ્થાનું નામ શું છે? – **ક્રેડાઈ**
88. ક્રેડાઈ (CREDAI) નું પુરું નામ શું છે? – **કન્ફેડરેશન ઑફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા**
89. એપ્રિલ ૨૦૧૭ દરમિયાન પાકિસ્તાનની જેલમાં કેદ ક્યા ભારતીય નેવી ઑફિસરને પાકિસ્તાની કોર્ટ દ્વારા ફાંસીની સજા ફરમાવવામાં આવી છે? – **કુલભૂષણ જાદવ**
90. કુલભૂષણ જાદવને પાકિસ્તાનની કઈ કોર્ટ દ્વારા ફાંસીની સજા ફરમાવવામાં આવી છે? – **ફિલ્ડ જનરલ કોર્ટ માર્શલ**
91. ૧૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ ભારત અને ઓસ્ટ્રિલિયા વચ્ચે કુલ કેટલા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે? - **6**
92. ૨૬મી સુલતાન અઝલાન શાહ હૉકી ટુર્નામેન્ટ માટે ભારતીય હૉકી ટીમનું સુકાન કોને સોંપવામાં આવ્યું છે? – **પી.આર.શ્રીજેશ**
93. સંયુક્ત રાષ્ટ્રના સૌથી યુવા શાંતિદૂત તરીકે તાજેતરમાં જ કોની નિમણૂક કરવામાં આવી છે? – **મલાલા યુસુફજઈ (પાકિસ્તાન)**
94. એપ્રિલ ૨૦૧૭ દરમિયાન ૨૦માં અસ્મિતા પર્વનું આયોજન કયાં થયું હતુ? – **મહુવાના કૈલાશ ગુરુકુલ આશ્રમ ખાતે**
95. હનુમાન જયંતિના પાવન અવસરે પૂજ્ય સંત મોરારિ બાપુના હસ્તે કલાક્ષેત્રે યોગદાન આપનાર વિવિધ મહાનુભાવોનું કયો એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું હતું? – **હનુમંત એવોર્ડ**

Anamika Academy

96. એપ્રિલ ૨૦૧૭ દરમિયાન પૂજ્ય સંત મોરારિ બાપુની નિશ્રામાં કેટલામા અસ્મિતા પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું? – **૨૦માં**

97. 6 એપ્રિલ ૨૦૧૭ના રોજ (RBI)એ જાહેર કરેલા નવા મોનેટરી પોલીસી રેટ્સના સંદર્ભમાં અગત્યની જાણકારી.

- **રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે.**
- **MSEમાં ૦.૨૫ ટકાથી ઘટાડીને ૬.૫૦ ટકાનો કરવામાં આવ્યો છે.**
- **બેંક રેટ ૬.૭૫ ટકાથી ઘટાડીને ૬.૫૦ ટકાનો કરવામાં આવ્યો છે.**

98. એપ્રિલ ૨૦૧૭ દરમિયાન ભારતીય બેડમિન્ટર સંઘના અધ્યક્ષનું નિધન થયું હતું – તેમનું નામ શું છે – **અખિલેશ દાસ**

99. 1 મે ૨૦૧૭થી દેશના કેટલા શહેરોમાં પેટ્રોલ–ડીઝલના ભાવોમાં દરરોજ ફેરફાર કરવામાં આવશે? – **પાંચ**

100. ડેઈલી ડાયનેમિક પ્રાઈસિંગ પદ્ધતિ શું છે? – **પેટ્રોલ ડીઝલના ભાવોમાં દરરોજ ફેરફાર કરવાની પદ્ધતિ**

101. પૂ.રત્નસુંદર વિજય મહારાજને ભારત સરકાર તરફથી કોના હસ્તે પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે? **– વિજયભાઈ રૂપાણી**

102. ૧૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમેરિકાએ અફઘાનિસ્તાનના ક્યા પ્રાંતમાં વિશ્વનો સૌથી શક્તિશાળી બોમ્બ ઝીંક્યો હતો? – **અચિન જિલ્લાના નંગરહાર પ્રાંતમાં IS ના ટનલ કોમ્પલેક્સ પર**

103. ૧૩ એપ્રિલ ૨૦૧૭ના રોજ અમેરિકાએ અફઘાનિસ્તાનના નંગરહાર પ્રાંતમાં કયો બોમ્બ ઝીંક્યો હતો? – **GBU-43 અથવા મેસિવ ઓર્ડીનન્સ એર બ્લાસ્ટ (MOAB) અથવા મધર ઑફ ઓલ બોમ્બ**

104. ૧૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની કેટલામી જયંતિની ઉજવણી કરવામાં આવી? – **૧૨૬મી**

105. ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે? – **૧૪મી એપ્રિલ ૨૦૧૭**

106. બનાસકાંઠા જિલ્લાના હરસડ ખાતે કેટલા મેગાવોટના સોલાર પાર્કને ગુજરાત સરકારે મંજૂરી આપી છે? – **૫૦૦ મેગાવોટ**

107. ગુજરાત સરકારે તાજેતરમાં જ ગુજરાતમાં ચારણકા બાદ બીજા કયા સોલાર પાર્કને મંજૂરી આપી છે? – **બનાસકાંઠા જિલ્લાના હરસડ ખાતેના સોલાર પાર્કને**

108. ૧૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે ડિજિટલ પેમેન્ટને વેગ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કઈ એપ લોન્ચ કરી છે? – **ભીમ આધાર એપ**

109. ૧૪ એપ્રિલ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરેલી 'ભીમ આધાર એપ' ના માધ્યમથી શેના દ્વારા પેમેન્ટ કરી શકાય છે? – **અંગૂઠાના નિશાનથી**

110. ૧૪ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરેલી 'ભીમ આધાર એપ' અંગેની બોનસ યોજના સંદર્ભમાં અગત્યની જાણકારી.

- **'ભીમ આધાર એપ' સાથે બીજી કોઈ વ્યક્તિને જોડવા પર ૧૦રૂ. નું બોનસ મળશે**
- **જો કોઈ વેપારી દુકાનમાં ભી એપ લાગુ કરશેતો તેને રૂ. ૨૫ ઈનામ પેટે મળશે.**
- **બોનસની આ યોજના ૧૪ ઓક્ટોબર સુધી અમલમાં રહેશે.**

111. સિંગાપોર ઓપન –૨૦૧૭ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ? – **બી.સાઈપ્રણીત**

Anamika Academy

112. સિંગાપોર ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીયખેલાડીનું નામ શું છે? – **બી. સાઈપ્રણીત**
113. સિંગાપોર ઓપન–૨૦૧૭ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે? – **બી. સાઈપ્રણીત**
114. ગુજરાતની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટેક્નોલોજીથી શિક્ષણ આપવા માટે ક્યો પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે? – **જ્ઞાનકુંજ પ્રોજેક્ટ**
115. 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ' ના સંદર્ભમાં અગત્યની જાણકારી.
   - **આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ 7 અને 8 ના વિદ્યાર્થીઓને લેપટોપ અને પ્રોજેક્ટરથી ભણાવવામાં આવશે.**
   - **પ્રાયોગિક ધોરણે ૧૨૦૦ સરકારી સ્કૂલોમાં પ્રોજેક્ટ અમલમાં મૂકાશે.**
   - **ગુજરાત રાજ્ય સર્વશિક્ષા અભિયાન દ્વારા આ પ્રોજેક્ટરમાં મૂકવામાં આવ્યો છે.**
116. વિશ્વમાં દર વર્ષે કયો દિવસ 'વર્લ્ડ રેહિટેજ ડે' (વિશ્વ વારસા દિવસ)તરીકે ઉજવાય છે? – **૧૮ એપ્રિલ**
117. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ–કશ્મીરમાં પથ્થરબાજોને કાબૂમાં લેવા માટે પેલેટગનની જગ્યાએ કઈ બુલેટનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે? – **પ્લાસ્ટિક બુલેટ ઈન્સાસ રાઈફલ્સ**
118. પ્લાસ્ટિક બુલેટનો ઉપયોગ કઈ રાઈફલ દ્વારા કરી શકાય છે? – **ઈન્સાસ રાઈફલ્સ**
119. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજનાના લીંક–2ના પ્રથમ તબક્કાનું લોકાર્પણ ક્યાથી કર્યું હતું? – **બોટાદ**
120. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બોટાદ ખાતે સૌંની યોજનાના કયા તબક્કાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે? – **સૌંની યોજનાના લીંક–2ના પ્રથમ તબક્કાનું**
121. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌની યોજનાના લીંક–2ના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યું હતું.. આ અંતર્ગત બોટાદના કયા તળાવને નર્મદાની નીરથી ભરવામાં આવ્યું છે? – **કૃષ્ણસાગર તળાવ**
122. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ખાતે કરેલા લોકાર્પણ તથા શુભારંભના સંદર્ભમાં અગત્યની જાણકારી.
   - **સુરત ખાતે 'કિરણ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર' નું લોકાર્પણ**
   - **સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાના આદિવાસી ખેડૂતો માટે જુદી જુદી ત્રણ ઉદવહન યોજનાઓનું ખાતમુર્હૂત.**
   - **તાપી જિલ્લા માટે પાણી પૂરવઠા યોજનાનું લોકાર્પણ**
123. ૧૭ એપ્રિલ ૨૦૧૭ના રોજ વડાપ્રધાન મોદીએ ગુજરાત ખાતે કઈ ડેરીના સુવર્ણજયંતી મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો? – **સુમુલ ડેરી(સુરત)**
124. ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) સાથે જોડાયેલા કયા યુનિટની મદદથી વોટર પોતાના મતની ચકાસણી કરી શકશે? – **VVPAT**
125. VVPATનું પુરું નામ શું છે? –**વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ**
126. VVPAT શા માટે ઉપયોગી છે? – **તેનાથી મતદારે આપેલા વોટની ચકાસણી કરી શકાય છે.**
127. ભારતમાં ચૂંટણી પંચ માટે EVM અને VVPATનું નિર્માણ કઈ કંપની દ્વારા કરવામાં આવે છે? – **ECIL (ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઑફ ઈન્ડિયા૦ અને BEL(ભારત ઈલેક્ટ્રોનિક લિમિટેડ)**

Anamika Academy

128. ૧૮ એપ્રિલ ૨૦૧૭ના રોજ લંડનની કઈ પોલીસ દ્વારા વિજય માલ્યાની ધરપકડ કરવાની આવી હતી? – **સ્કોટલેન્ડ યાર્ડ પોલીસ**

129. ૧૮ એપ્રિલ ૨૦૧૭ના રોજ લંડનની કઈ કોર્ટ દ્વારા વિજય માલ્યાને જામીન આપવામાં આવ્યા હતા? – **વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટ**

130. સુપ્રિમ કોર્ટ સહારા ગ્રૃપની કઈ પ્રોપર્ટીની હરાજી કરવા બોમ્બે હાઈકોર્ટના ઓફિશિયલ લિક્વિડેટરને આદેશ કર્યો છે? – **એમ્બીવેલી ટાઉનશિપ**

131. એપ્રિલ ૨૦૧૭માં સુપ્રિમ કોર્ટે એમ્બીવેલી ટાઉનશિપની હરાજીનો આદેશ આપ્યો હતો… આ ટાઉનશિપ કોની મોલિકની છે? – **સહારા ગ્રૃપની**

132. કેન્દ્ર સરાકરે કરેલી જાહેરાત અનુસાર VIP વાહનોપર લાલબત્તી લગાવવા માટેની પ્રતિબંધ ક્યારથી લાગુ થશે? – **૧ મે, ૨૦૧૭**

133. કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત મુજબ ૧ મે, ૨૦૧૭થી ફાયર બ્રિગેડ, પોલીસ અને એમ્બ્યુલન્સ જેવી સેવાઓમાં ગાડી પર કઈ બત્તીનો પ્રયોગ થશે? – **બ્લ્યુ બત્તી**

134. ભારતમાં VIP ગાડીઓ પરથી લાલબત્તી હટાવવાનો નિર્ણય કરનાર સૌપ્રથમ રાજ્યનું નામ શું છે? – **દિલ્હી**

135. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયો દિવસ ‘વર્લ્ડ અર્થ ડે’ (વિશ્વ પૃથ્વી દિવસ) તરીકે ઉજવાય છે? – **૨૨ એપ્રિલ**

136. દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ ‘વિશ્વ પૃથ્વી દિવસ’ ઉજવવાની શરુઆત ક્યારથી થઈ હતી? – **૧૯૭૦થી**

137. ‘વિશ્વ પૃથ્વી દિવસ’ ઉજવવાની શરુઆત કોના દ્વારા કરવામાં આવી હતી? – **જેરાલ્ડ નેલ્સન**

138. દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ ‘વિશ્વ પૃથ્વી દિવસ’ ની ઉજવણી શા માટે કરવામાં આવે છે? – **પર્યાવરણની સુરક્ષા માટે**

139. વર્ષ ૨૦૧૬મા વર્લ્ડ અર્થ ડે નિમિતે અમેરિકા અને ચીન સહિત વિશ્વના ૧૨૦ જેટલા દેશોને કઈ સંધિ પર હસ્તાક્ષર કર્યો હતા? – **પેરિસ સિંધિ**

140. પેરિસ સંધિને સંબંધ કઈ બાબત સાથે છે? – **પર્યાવરણ સુરક્ષા**

141. ૨૧ એપ્રિલ ૨૦૧૭ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાંથી ‘લાઈટ એન્ડ સાઉન્ડ શો’ નો શુભારંભ કરાવ્યો છે? – **સોમનાથ મંદિર ખાતેથી**

Anamika Academy

ANAMIKA academy